સોશિયલ સર્વિસ લીગ

જુગારનિષેધક કમિટી, મુંબઈ.

૧૯૧૪.

'જુગાર'

ઉપર

સંવાદ

અને

કવિતા સંગ્રહ.

કિંમત એક આનો.

Printed by C. S. Deole, at the Bombay Vaibhav Press,
Servants of India Society's Building, Sandhurst Road,
Girgaon, Bombay.

and

Published by Karsandas J. Chitalia Secretary Social Service
League Anti Gambling Committee, Servants of India
Society's Building, Sandhurst Road,
Girgaon, Bombay.

સોશિઅલ સર્વિસલીગ જુગાર નિષેધક કમિટી,

મુંબઈ ૧૯૧૪.

મ્હોટામાં મ્હોટું ઇનામ.

સાવ મફત જોઈતું હોય તો આ વાંચવાની તસ્દી લ્યો.

રામજીએ પોતાના દોસ્ત કાનજીને કહ્યું કે હવે શ્રાવણ મહિનો આવ્યો છે માટે થોડાંક દોઢીયાં જોઇશે. એની કાંઇ તજવીજ કરી છે કે?

એ સાંભળીને કાનજીએ કહ્યું કે કેમ! દોઢીયાંનું શું કામ છે? હમણાં તો દોઢીયાંની તાણાતાણ છે. તારે શ્રાવણ મહિનાના પૂજન સારૂ મહાદેવની પૂજા ભુજા કરાવવી હશે. તે સારૂ દોઢીયાં જોઇતાં હશે, પણ મારી પાસે દોઢીયાંનું ઠેકાણું નથી. કારણ કે હું તો હમણાં નોકરી વિના બેઠો છું.

ત્યારે રામજીએ કહ્યું કે આ શ્રાવણ મહિનો તો તડાકો પાડી લેવાનો વખત છે. જરાક છકકો પંજો કરી નાંખીએ એટલે કાં ઈનપાર કાં ઉનપાર. પ્રેમલો કાલે ૨૫) રૂપીઆ ખોઇ આવ્યો અને જેઠીઓ કાલે ૨) કલાકમાં ૧૦ રૂપીઆ લઇ આવ્યો; માટે આપણે તો નશીબ અજમાવવું છે. બોલ તારો શો વિચાર છે?

એ સાંભળીને કાનજીએ કહ્યું કે યાર! મને પણ બહુ મન થઇ જાય છે. શ્રાવણ મહિનો ખાલી જાય એ કેમ પાલવે? મારો જીવ બહુ તલપાપડ થાય છે, પણ દોઢીયાંના વાંધા છે. ગયે વખત શ્રાવણ મહિનામાં મારી બાયડીની બંગડી વેચી તે પૈસા જુગારમાં હારી ગયો હતો. એટલે આ વખત તેની પાસેથી પણ કાંઇ મળે તેમ નથી.

આ વાત સાંભળીને ત્યાં બેઠેલા તેમની ઓળખાણુવાળા માસ્તર ડાહ્યાભાઇએ કહ્યું કે શું પવિત્ર શ્રાવણુ માસમાં તમે જુગાર રમવા ઇચ્છો છો ? એતો ઘણુંજ ખોટું.

ત્યારે કાનજીએ કહ્યું કે શ્રાવણુ મહિનામાં જુગાર ન રમીએ ત્યારે પછી ક્યારે રમીએ ? આ તો જુગારનો જ મહિનો છે. એમાં પાંચપચાસ મેળવીએ નહિ કે ગુમાવીએ નહિ તો પછી એવી મોજ ક્યારે કરીએ ? આ મહિનામાં સૌ રમવા માટે મળી શકે, પણ પછી આપણી સાથે કોણ રમે ? માટે જન્માષ્ટમી પહેલાં જ કાંઇક છકકો-પંજો કરી નાંખવો જોઇએ.

એ સાંભળીને માસ્તર ડાહ્યાભાઇએ કહ્યું કે અરે ! હાય હાય ! આ કાંઇ જુગાર રમવાનો વખત છે ? પવિત્ર શ્રાવણુ મહિનામાં તો ઘણી જાતનાં વ્રત કરવાં જોઇએ, પરમાત્માની પ્રાર્થનાઓ કરવી જોઇએ, ગરીબોને દાન આપવું જોઇએ, અને જેમ બને તેમ પવિત્ર જીંદગી ગાળવી જોઇએ, તેને બદલે તમને જુગાર રમવાનું મન થાય છે એ કેવી અફસોસની વાત છે ? અને એ કેવી શરમ ભરેલી વાત છે ! એનો જરા વિચાર તો કરો ?

અરે ભાઇ, અત્યારે જુગાર રમવાનો વખત છે ? આપણા શરીરની સામે જુઓ તે કેવાં નબળાં છે ? કેવાં રોગી છે ! અને કેવાં ખરાબ સ્થીતિમાં છે ? તે માટે કાંઇ પણ ઉપાય ન લેવાય અને જે પૈસા શરીર સુધારવા માટે ખરચવા જોઇએ તે પૈસા જુગારમાં ખરચાઇ જાય એ કરતાં વધારે દિલગીરી બીજી કઇ ?

હવે આપણા મનની સામે જુઓ. આપણા મનમાં કેટલી બધી નબળાઇ છે ? કેટલી બધી બીક છે ? કેટલી બધી પરાધીનતા છે ? કેટલી બધી અદેખાઇ છે ! કેટલું બધું દાંભિકપણું છે ! કેટલો બધો ક્રોધ છે ? અને કેટલી બધી માનસિક ગરીબાઇ છે ! એ બધું સુધારવાની મહેનત કરવાને બદલે જુગાર રમવામાં આપણું આપણો વખત ગુમાવીએ, અને તે પણ બીજા કોઇ દિવસે નહિ પણ પવિત્ર શ્રાવણુ માસમાં એ પ્રમાણે વર્તીએ એ આપણી કેટલી બધી અધોગતિ કહેવાય એનો જરા ખ્યાલ તો કરો !

ભાઇ, આપણા ઘરની સામે જુઓ ? તેમાં કેટલો બધો કચરો પડયો છે ? કેવી માખીઓ બણુબણે છે ? કેવા ઉંદરો દોડે છે ? કેવા માંકડ મચ્છરો ચટકા ભરે છે ? અને કેટલી બધી વસ્તુઓ વિના ચલાવી લેવું પડે છે ? તેની સામે જુઓ. એ બધું સુધારવા માટે અત્યારે આપણે મહેનત કરવી જોઇએ કે જુગાર રમવા દોડવું જોઇએ ?

આપણી નાતોની સામે જુઓ. અંદર અંદરના નજીવા કજીઆ-ઓને લીધે કેવાં મ્હોટાં તડો પડેલાં છે? અને અંદર અંદર કેટલી બધી અદેખાઇ વધી ગએલી છે ? તે સામે જુઓ. આપણી નાતમાં ઘણાંએ બાળકોને કેળવણી મળતી નથી તે સામે જુઓ. આપણી નાતમાં ઘણાંએ માણસો વહુ વહુ કરતાં વાંઢા મરી જાય છે તે સામે જુઓ. આપણી નાતની ઘણીએ ગરીબ વિધવાઓ બહુ દુઃખી થાય છે અને તેમને માટે નાતજાતમાં ગમે તેવી વાતો થાય છે તે સામે જુઓ. આ બધી બાબતો ઉપર ધ્યાન આપવું એ આપણું કામ છે કે જુગાર રમવો એ આપણું કામ છે ? અરે ભાઈ, જરા વિચાર તો કરો કે નળરાજા જેવાને પણ જુગાર પાલવ્યો નથી અને પાંડવોને પણ જુગારને લીધે વનવાસ ભોગવવો પડયો છે, ત્યારે આપણે તે શું હિસાબમાં કે જુગાર રમવા બેસીએ ?

ઑસ્ટ્રેલિઆ, કેનેડા, ટ્રાન્સવાલ વગેરે પરદેશોમાં આપણા લોકો કેવા હડધૂત થાય છે. તે સામે તો જરા જુઓ ! એવી બાબતોમાં ધ્યાન આપવું અને નામદાર સરકારને નમ્રતાપૂર્વક અરજ કરવી એ શું આપણી ફરજ નથી ? એવાં એવાં કામો કરવાનાં શું થોડાં છે કે આપણે જુગાર રમવા જઇએ ?

રામજી ભાઈ, સુધરેલા મુલકોના લોકો પાસે કેટલી મોટી દોલત છે ! તેઓ કેવા મોટા વૈભવો ભોગવે છે ! અને તેના પ્રમાણમાં આપણે કેવા કંગાલ છીએ એ તમે જાણો છો ? આવી કંગાલીયતમાં પણ જુગાર રમવાનું મન થાય એ કરતાં વધારે ખરાબી બીજી કઇ ?

હવે આપણા પવિત્ર ઉત્તમમાં ઉત્તમ ધર્મની સામે જુઓ, આપણો ધર્મ આપણને શું શીખવે છે ? જે ધર્મ જુગાર રમતાં

શીખવે તે ધર્મને જહાનમની ખાડમાં નાંખવો જોઇએ. ઇશ્વરની કૃપાથી આપણો ઉત્તમ ધર્મ તો આપણને એમ શીખવે છે કે પવિત્ર શ્રાવણ માસમાં પવિત્ર જીંદગી ગાળવી જોઈએ, અને પવિત્ર કામો કરવાં જોઇએ. જેમ કે, છોકરીઓ પાસે જવારા વવરાવી જે ઋષિઓ એમ શીખવી ગયા છે કે નાનાં બાળકોને પણ ખેતીનાં કામો શીખવો, ગાયોની સેવા કરીને લોકોને એમ શિખવેલું છે કે પશુઓનું રક્ષણ કરો, અને આપણા લોકોને ઉત્તમ શકિતવર્ધક દૂધ ઘી સસ્તાં મળે તેમ કરો. નાગની પૂજા કરીને એમ બતાવેલું છે કે સૌની સાથે અભેદભાવ રાખો અને સૌની અંદર પરમ તત્ત્વ જુઓ. રક્ષાબંધન એમ શીખવે છે કે તમારા બંધુઓની રક્ષા કરો. જનોઇ બદલવાની રીતિ એમ શીખવે છે કે જે પાપ થઇ ગયાં હોય તેનું પ્રાયશ્ચિત્ત કરો, અને જે નવા જુવાનીઆઓ તૈયાર થયા હોય તેઓની અંદર સારા સંસ્કારો દાખલ કરો, અને શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ આપણને એમ બતાવે છે કે, શ્રાવણ મહિનામાં તો તમારા હૃદયમાં પ્રભુનો જન્મ થવો જોઇએ. આવા ખુબીદાર પવિત્ર શ્રાવણ માસમાં જુગાર રમવા બેસવું એ કરતાં વધારે મૂર્ખાઇ બીજી કઇ? અને એ કરતાં વધારે અધોગતિ બીજી કઇ! માટે ભાઈઓ! જો શાસ્ત્રનું કહ્યું માનો તો જુગારની લતમાં પડો માં. જુગારથી કોઇનું ભલું થયું નથી અને જુગારથી કોઈનું ભલું થઇ શકે તેમ પણ નથી; પણ જુગારથી તો અનેક કુટુંબોનાં સત્યાનાશ નીકળી ગયાં છે અને અનેક પ્રકારની ખાનાખરાબી થઇ ગઇ છે. જગતમાં એવો કયો ગુનોહ છે કે જે જુગારને લીધે ન બને? જુગારીઓથી ન કરવાનાં કામો થઇ જાય છે, અને જુગારીઓની આબરૂ જાય છે. જુગારીઓ દીવાના બની જાય છે, જુગારીઓની જીંદગી કેદખાનામાં જાય છે અને જુગારીઓને કમોતે મરવું પડે છે, એટલુંજ નહિ પણ મુવા પછી પણ તેઓ નરકમાં જાય છે. માટે આ બધી ખરાબીઓ ધ્યાનમાં રાખીને જુગારથી બચવું જોઇએ. અને પોતાના કુટુંબના, દોસ્તોના, કે સગાં વહાલાંના કોઇ પણ માણસો જુગાર રમે નહિ તેની ખાસ સંભાળ રાખવી જોઇએ. કેમ રામજી ભાઈ, આ વાતો ગળે ઉતરે છે કે?

ત્યારે રામજી ભાઈએ ખુલ્લા દીલે કહ્યું કે માસ્તર સાહેબ, અમે તો અજ્ઞાની છીએ, અમને કાંઇ આવી વાતોની ખબર નથી. એવો તે કોણ અભાગીઓ હોય કે આ બધું જાણ્યા પછી પણ જુગાર રમે ? એ તો અજાણુમાં જે થઈ ગયું તે થઈ ગયું. પણ હવે જે આજથી જુગાર રમે તેની ઉપર ઓગણોતરાનું પાપ. કેમ કાનજી ભાઈ, કબુલ છે ને ?

ત્યારે કાનજી ભાઇએ કહ્યું કે, એક વખત નહિ પણ હજાર વખત કબુલ. હવે આ બધું જાણ્યા પછી કાંઇ દિવસ ફર્યો છે કે જુગાર રમવા જઇએ? હવે તો અમારે ઘેર બાયડીઓ રમવા બેસે છે તેને પણ સમજાવવાં જોઇશે ને કહેવું જોઇશે કે, આ કાંઇ તમારૂં કામ નથી. હું તો હમણાં જ ઘેર જાઉં છું ને ત્યાં દાવ મંડાણો છે તે બધાંને ઉઠાડું છું. એમ કહી માસ્તરનો ઉપકાર માની કાનજી ભાઇ ત્યાંથી રવાના થયા અને પોતાના ઘેરે બાયડીઓ રમતી હતી તેઓને સમજાવી, શરમાવી એ જુગારની નાલેશીભરેલી રમત અટકાવી દીધી.

બંધુઓ, જો સોશિઅલસર્વિસલીગની તથા જુગારનિષેધક કમિટીની મહેનત આટલી સફળ થાય તો એ કરતાં વધારે મ્હોટું પુણ્ય બીજું કયું ? અને જુગારની આફતકારક બદીમાંથી છુટાય એ કરતાં વધારે મ્હોટામાં મ્હોટું ઇનામ બીજું કયું ? તથા આવી સાચી વાતો તેના અસલ રૂપમાં સમજાય એ કરતાં વધારે મ્હોટી ખુબી બીજી કઇ ? અને એ બધું કરવા માટે કાંઇ પણ ખર્ચ કરવું પડતું નથી. આ લખાણ જુગારનિષેધક કમિટી તરફથી સૌને ન જેવી કિંમતે મળે છે. માટે તે વાંચવા વંચાવવાની મહેરબાની કરો એજ અમારી વિનંતી છે.

અમૃતલાલ સુન્દરજી પઢીયાર

સોશિઅલ સર્વિસ લીગ,

જુગારનિષેધક કમિટી, મુંબાઈ ૧૯૧૪.

આ તે જન્માષ્ટમી કે જુગારાષ્ટમી ?

સરસ્વતી–કેમ ધનકોરબાઈ! તમ્હેં અને લક્ષ્મીબાઈ ક્યાં ચાલ્યાં ?

ધનકોર–અમ્હેં તો આજે મણિબાઇને ત્યાં જુગાર રમવા જઇએ છીએ. બધાં બહુ જણ ત્યાં આવવાનાં છે. જન્માષ્ટમી આવી એટલે રમવાની મજા. પણ તમ્હેં ક્યાં ચાલ્યાં ?

સરસ્વતી–આ મુંબાઇ શહેરમાં આપણા સમાજની સેવા કરવા માટે સોશિઅલસર્વિસલીગ નામનું મંડલ છે. આપણા લોકોમાં જે જે ખામીઓ હોય તે દૂર કરવા તે મંડલ ઘટતાં પગલાં લે છે. જન્માષ્ટમીના પવિત્ર દિવસોમાં આપણા લોકો જુગાર રમી ખુવાર થાય છે તેની સામે હિલચાલ કરવા માટે તે મંડલે મુંબાઈની આબરૂદાર સ્ત્રીઓની એક જુગારનિષેધક કમિટી નીમી છે. તે તરફથી આજે સભા છે ત્યાં હું તો જાઉં છું. ચાલો તમ્હારે ત્યાં આવવું છે ?

લક્ષ્મીબાઇ–અરે બળ્યાં રે એ ટાહ્યલાં ! પત્તાં રમવાની ને જુગાર ખેલવાની મજા મૂકીને ભાષણો સાંભળવા તે કોણ આવે ? એ તો ડાહ્યલાંમાં ખપવું હોય ને છાપામાં નામ છપાવવાં હોય તે જાય. જન્માષ્ટમીને દહાડે જુગાર ન ખેલીએ ?

સરસ્વતી–પણ લક્ષ્મીબ્હેન ! જરા વિચારો તો ખરાં કે આ તે જન્માષ્ટમી કે જુગારાષ્ટમી? સાધારણ દહાડે ય તે જુગાર રમવો એ ખોટું તો આજે કે જ્યારે કૃષ્ણ ભગવાનનો જન્મદિવસ ત્યારે તો એથી યે વધારે ખોટું.

લક્ષ્મીબાઇ–ખોટું ખોટું શું કરો છો? જાણો છો કે જુગાર રમવામાં કેવો રસ પડે છે?

સરસ્વતી–પણ તમ્હેં એ જાણો છો કે જુગારમાં કેટકેટલાં માણસો ખુવાર થઇ જાય છે?

ધનકોર–પણ એ ખોટું હોય તો આપણો ધરમ એમ કરવાની રજા કેમ આપે?

સરસ્વતી–ધનકોરબાઇ! કોણે કહ્યું કે જુગાર રમવાને આપણો ધર્મ રજા આપે છે? જો મા પોતાનાં છોકરાંને ઝેર દે તો ધર્મ ખોટું કામ કરવાની રજા આપે. જુગાર તો ઝેર છે, ધનકોરબાઇ!

લક્ષ્મીબાઇ–એ વાત તો ખરી, ધનકોર! ધર્મ ખોટું કામ કરવાની તો રજા ન આપે. પણ સરસ્વતીબ્હેન! સભામાં શું શું થવાનું?

સરસ્વતી–"જુગારથી ખુવારી થાય છે," "જુગાર રમવો એ ખોટું છે," "આપણા ધર્મના ઉત્સવો આપણે અધર્મમાં અને પાપકર્મમાં ન ગાળવા જોઇએ" એવી મતલબનાં ભાષણો થશે. બ્હેનો! કૃષ્ણભગવાનના જન્મની આજ તિથિ; એટલે આજે આપણાં હૃદયોમાં પ્રભુતાનો જન્મ થાય અને આપણે પ્રભુનાં જન બનીએ તો તો સાચી જન્માષ્ટમી; નહિ તો બધું ઠીક ઠીક.

ધનકોર–ચાલ, ચાલ, લક્ષ્મી! આપણે યે સરસ્વતીબ્હેનની સાથે જઇએ, અને આ ધર્મના પર્વને પવિત્ર રીતે ઉજવીએ. (બધાં જાય છે.)

ચન્દ્રશંકર નર્મદાશંકર પંડયા.



સોશિયલ સર્વિસ લીગ જુગાર નિષેધક કમિટી,

મુંબઈ ૧૯૧૪.

॥ શ્રી ॥

જુગારનો જુલમ.

જુલમ જુવો કેવો જગતમાં જુગારનો;
જાય ઘરમાંથી માલ, થાય ભુંડા બહુ હાલ,
અંત બૂરો છે બૂરા વ્યાપારનો— જુલમ.

જુગારના પાપે પાંડવનું રાજ્ય થયું ધુળધાણી,
પતિની સંમુખ ભરી સભામાં સતીની લાજ લુંટાણી.

એમાં છે આબરૂની રોકડી હરાજી,
નહીં વાયદો ઘડીએ ઉધારનો— જુલમ.

નૈષધ નાથ સમો ભૂપ જેની સતી દમયન્તી રાણી,
રહી રખડતી વનવગડે જ્યાં પીવા મળે નહીં પાણી;

ફુલડાંની આ ફુલ માળા સ્વીકારી,
કરી જો જો વિચાર સારાસારનો— જુલમ.

ફુલચંદ ઝવેર શાહ.

જુગાર નિષેધ.

(રાગ ધન્યાશ્રી.)

છોડો દુષ્ટ જુગાર, ઓ પુરૂષો ! છોડો દુષ્ટ જુગાર,
નીચ અધમ વ્યાપાર, ઓ પુરૂષો ! હરામી એ વ્યવહાર— છોડો.

લોકરૂઢિ ને ધર્મશાસ્ત્રથી નિન્દનીય આચાર,
ઇતિહાસ પણ સાક્ષી દે કે થયા જુગારી ખુવાર— છોડો.

કહો ભલા એ હરામ ચસ્કે કેવો થયો નળ ન્યાલ ?
સ્ત્રીને નાગી વન રઝળાવી ખુદ નૃપથી કંગાલ— છોડો.

એ લતે કર્યો ધર્મરાજ કહેવાતાને ય ગમાર,
ખોયું રાજ્ય ભર[1] અરિમાં રોઇ જોઇ દ્રૌપદી કુહાલ— છોડો.

પ્રથમ દર્શને હરે એ દુર્વ્યસન દેવધી[2] ઉપહાર,
સેવનથી તન મન ધન [3]હ્રીને, શ્રી[4]શી સ્ત્રી કંઇવાર— છોડો.

અન્ન વસ્ત્ર આબરૂ આહુતિ હોમે યજ્ઞ જુગાર,
કદી પૂજારી આપઘાતની પૂર્ણાહુતિ દેનાર— છોડો.

કર્મયોગ જો છક્કે પંજે આવે હાથ હજાર,
અસંતોષથી કંઇ ગણું કરવા જાય ખાય ત્યાં માર— છોડો.

‘ રમે જુગારી હાર્યો બમણું ’ કરતો કહેવત સાર,
અંત નિરાશ અધોગતિ ખાઇએ દડે દડો અવતાર— છોડો.

જૂઠ કપટ લુચ્ચાઇ દગાથી નિજપ્રભુને ઠગનાર,
આ ભવ પાપી બગાડી અંતે નરકગામી બનનાર— છોડો.

કવિ મહારાણીશંકર શર્મા.

---

૧. બધા દુશમનો વચ્ચે. ૨. બુદ્ધિરૂપી ભેટ. ૩. શરમ. ૪. લક્ષ્મીતુલ્ય સ્ત્રી.

જુગારી જાનથી જાશે !

(કવ્વાલી)

જગતના મોહને ત્યાગી, તજી જુગારની બાજી,
પ્રભુની યાદ કર તાજી, જુગારી જાનથી જાશે !

જુગારે ખેલતાં યારો, ગયાં છે રાજવીનાં રાજ;
રમી શાને બને તારાજ, જુગારી જાનથી જાશે !

અનેરો દિન છે આજે, પ્રભુની પ્રેમયાદીનો;
કરો ભક્તિ તજી મસ્તી, જુગારી જાનથી જાશે !

નીતિના દાવ મૂકીને, લઇને સત્યના પાસા;
રમો સહુ ધર્મની બાજી, જુગારી જાનથી જાશે !

“ હમે સંતાન ભારતનાં, ” સદા એ ધ્યાનમાં રાખી;
સમજ હો ! સર્વદા ભાઇ, જુગારી જાનથી જાશે !

ભજો સહુ નાથ “ ગોકુળના, ” પઢીને જ્ઞાનની ગીતા;
સનાતન સત્ય જે સાચું, જુગારી જાનથી જાશે !

ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા.

જાલિમ જૂગાર.

સાખી.

કાણુ જીત્યું જુગારમહીં, કાણે બાંધ્યા મહેલ !
જુગાર ને જાદુ સહુ, મેલતણા છે ખેલ–

ગઝલ–ભેરવી.

ચરસ ચસ્કો ચતુરા ને નકામો છે જુગારોનો;
બદીના રંગમાં રેલી, કરે શુભનાશ વિચારોનો– ટેક.

રસમ બૂરી પડી શા થી ? તહેવારો ઉપર કયાંથી ?
ધરમનાં કર્મ સૌ ત્યાગી, બચાવો એ જુગારોનો. (૧)

જીત્યાં તો યે તે શું જીત્યાં ? વળી તસ્કર સમાં બ્હીતાં,
શરમ જો થાય તે છીતાં; મળે તો ચાંદ જુગારોનો. (૨)

ભલી માતા રૂડી પુત્રી ! રમે સંગે તો દોહિત્રી !
કરે વિવેકની ગણુત્રી ન સરવાળો જુગારોનો. (૩)

સુઝે ચોરી અને પાપો, જુઠાણું જે બદી માપો,
ભલા તે ઘેરીને કાપો, જો આવે અંત જુગારોનો. (૪)

શીખે બચ્ચાં અને નોકર, ન રાખે લાજ તે હરપળ,
જાહેર–બને કોડીતણું એ નર, સુધારો એ જુગારોનો. (૫)

રમે ખુણે અને ખાંચે, ભણેલાં ને અભણુ વાંસે;
શરમ છે કુડી એ આશે, કરો તે નાશ જુગારોનો. (૬)

સહેલું છે કહેવાનું, કઠણુ છે કામ લ્હેવાનું;
વદે છે મુખ કરે કરશું ? જુઓ એ રંગ જુગારોનો. (૭)

કરે ઉપદેશ પોતે જઈ, બેસે પડમાંહે જાણું લઇ;
કહો કયાંથી ટળે એ કંઇ, વિચારો એ જુગારોનો. (૮)

ભલા તહેવારના દ્હાડા, ગુજારો શુભ કરી ધારા,
ભલી વાતો કરી ન્યારા કરો આવેશ જુગારોનો. (૯)

પુરૂષ કે નારી યા બાળા, કરોના હાથ એ કાળા;
પ્રભુના નામની માળા–લહો–હર નામ જુગારોનો. (૧૦)

ગો. ક. દેલવાડાકર.

કૃષ્ણજયંતિનો ઉત્સવ કરવા સુજ્ઞ વીરોને આમંત્રણ.

(રાગ–હું સોનારણુ મદમાતી–એ લય)

વ્હાલા વીરો એ, આવો, હવો આવી ઉત્સવ લ્હાવો;–
કૃષ્ણજયંતિ આજે જગમાં, પાળે વિધવિધ જન,
તે વખતે આપણુ પણુ કરીયે, ઉત્સવ એકજ મન–
મુર્ખં મતિહિણુ માનવ કરતા, જ્યારે કર્મ જુગાર,
આપણે ભાવથકી ભજીયે તવ, કરૂણાળુ કિરતાર–
છળ કળ કપટ કરે જવ છાના, રમી જુગારી દાવ,
તવ આપણુ વિકાર મલીનનો, કરીયે ઉર અટકાવ–
હારજતેં જન એ હડકાયા, શ્વાન સમા થઈ લડતા,
તે વખતે આપણે આનંદે. કરીયે સ્નેહની દૃઢતા–
મતિમંદ એ દ્રવ્ય ગુમાવી, જ્યારે શોકે છવાતા,
ત્યારે આપણુ હરઘડી હર્ષે, રહીયે મુખમલકાતા–
જે વખતે તે કર્માચારી રહે સત્તાથી ડરતા,
તે વેળા આપણુ તો રહીયે, મસ્તપણે વિચરતા.

મોહનલાલ ગોપાળજી દવે.

શ્રીકૃષ્ણાયનમઃ

(લેખક–શ્રીમતી બેનકુંવરબ્હેન.)

દોહરો.

ઉતમ ચાતુર માસમાં, ઉતમ શ્રાવણ માસ;
જન્માષ્ટમિ આદી વૃતો, આવે જેમાં ખાસ.
મેળા મહાન ભરાય છે, બંધ બજારો થાય;
પ્રભુસ્તવનને કારણે, સહુને છુટી અપાય.

કરવાનું કોરે કરી, કરી કુડાં કામ;
જુગાર આદી આદરી, બને પછી બદનામ.
એવા જુગારી જનતણી, વાત કહું છું આજ;
જુગારથી શું હાની છે, સુણી લાગશે દાઝ.

દીંડી.

શેઠ વાલકેશ્વરમાં, રેતા હતા એક વાડી માંહે
લક્ષ્મીવંત છતાં પણ, લોભ અતિશય હતો દ્રવ્યમાંહે.

દીંડી.

કરે મહેનત એવું ન એનું તન, ગમે તેમ મેળવવું ધન,
એવી ઇચ્છા હતી શેઠજીને મન, તેથી લાગીયું જુગારનું વ્યસન્ન.

દોહરો.

મીત્રો પણ તેવા મળ્યા, મુરખના સરદાર,
કામ કશું કરતા નહિ, રમતા નિત્ય જુગાર.

દીંડી.

મળી મિત્ર સર્વ કાઢતા ઉજાણી,
જમતા જમણ વિવીધ ઊપર ચાહપાણી.
પછી ખેલતાં જુગાર પ્રેમ આણી,
મને માનતાં જે મોજ અમે માણી.

બીટ સો અને હજારની મુકાતી,
ઘણા મૂરખાની પાયમાલી થાતી.
કરે કોક કર્જ લાજને નીભાવા,
કરે કેટલાક જૂઠ કાવા દાવા.
કરે કોઇ ચોરી શેઠની દુકાને,
લખી સાચું ખોટું ચોપડાને પાને.
કોઇ કરે માવીતર શું કલેશ ભારી,
કોઇ ભૂષણો ત્રીયાનાં લે ઊતારી.

દોહરો.

આવી રીતે દુખ ખમે, તો પણ રમે જુગાર
છોડાવ્યો છુટે નહિં, જળો તણો વળગાડ.
જેવો જેનો સંગ છે, તેવો લાગે રંગ
રીત નીહાળી શેઠની, સ્રીને થયો ઊમંગ.
શેઠણી પણ શીખીયાં, રમવા નીત્ય જુગાર
થાય બપોરે એકઠી, આસ પાસની નાર.
હારજીત ઝાઝી કરે, સૌ સાંજે ઘરજાય
હારે તેનાં હૃદયમાં, ખુબ હોળી પ્રકટાય.
પતી પત્ની જુગારી તો, સંતતી કેવી થાય ?
દરશાવું છું તે હવે, સુણજો સર્વ સભાય.

દીંડી.

હતાં શેઠ પત્નિ ગર્ભવંતાં ત્યારે,
જેવાં માત તેવાં બાળ ગુણ ધારે.
થયો નિયમ લાગુ ગર્ભને તેવારે,
પુત્રી પ્રગટ થઇ શેઠજીને દ્વારે.

દોહરો.

બાળા તે મોટી થઇ, રમતી પાના રોજ
ભણતર તે જાણતી નહિં, રમતે માને મોજ.
માતા પૈસા આપતી, રમવા કેરે કાજ
સ્વછંદે રમતી સદા, નહિં તેને મન લાજ.

માત પીતાની જે રીતી જાણે જ્ઞાતી તમામ
તેથી વેવીશાળની કોઇ ન ધરતું હામ.

હીંડી.

એવે વણીક એક જોઇને પીતાએ
માસ એકના પચાસ જે કમાવે.
કીધાં લગ્ન થઇ સાસરે વીદાએ
હતો વાસ તેનો મોટી ચાલી માંહે.
રહે સાસરે ને કદી પીયર જાયે
રમત વીના તેને શાંતી નહિં થાયે.
ખાવું પીવું નહિં સુજતું જરાયે
ચિત લાગતું ન કામકાજ માંહે.

દોહરો.

એમ કરતાં આવીયો ઉતમ શ્રાવણ માસ
માળામાંહી કરે રમત સ્ત્રીયો મળીને ખાસ.

હીંડી.

બેઠી બાઇ પણ ત્યાં રમવાને જુગાર,
ઘડી જીતે અને ઘડી માંહે હાર.
પૈસા પાત્રને તો ના કંઇ વીચાર,
બને ગરીબ તો બીચારી બહુ લાચાર.

દોહરા.

પ્રથમ દીને જીતી ગઇ ચંચળ બાઈ ઘેર
દામ બતાવી કંથને કહી રમવાની પેર.
પતી કહે હું પણ રમું જોડું રમીયું તેમ
માળી મકવાણી અને જશલો જોગી જેમ.

ગીતી.

ચંચળનો પતી ચાલ્યો, ચંચળ મતીથી રમવાને કાજે,
ચંચળ લક્ષ્મી ને હું, મેળવી લાવું મહેનતવીણ આજે.

હીંડી.

રમાતો હતો જુગાર જેહ ઠામે, જઈ પોંચીયો ત્યાં જીતવાની પામે.
ઘડીમાં હજાર બે હજાર પામે, ઘડીમાં હજાર બે હજાર પામે.

દોહરા.

મોટી બીટ મુકી તીહાં ભારી કીધી હાર
પાસે પૈસા શેઠના ગુમાવીયા તે ઠાર.
હાર્યો તે બમણું રમે જગની એવી રીત
લાગ્યો ભુષણ નારીનાં ઝાઝી કરવા જીત.

દીંડી.

દીધાં તે પણ ગુમાવી રમતમાંહી,
પોલીસ આવી સર્વ ઘેરી લીધા ત્યાંહિં.
ગયું દ્રવ્ય વળી લાજને ગુમાવી,
ખબર પડી શેઠ તીયાં ઊભા આવી.

દોહરો.

ધમકી દઇ શેઠે કહ્યું હીસાબ દે આવાર
ઉઘરાણીનાં આવીયા જે છે બાર હજાર,
હાય થયો લાચાર હું, શું કરવું કીરતાર
ધીક ધીક આ જગતું, ધીક ધીક આ અવતાર.
ચોર અને જુગારીની, ગડી કપાળે છાપ
હવે જીવવું વ્યર્થ છે, નિશ્ચય કીધો આપ.

દીંડી.

જશે લાજ એમ જાણીને તે વારે,
પડયો બારીયેથી પામી ખેદ ભારે,
ગયા પ્રાણ હાહાકાર થયો ત્યારે,
અરર હાય! એમ સર્વકો પુકારે.

દોહરો.

હવે ચંચળ બાઇની કહું તે સુણજો વાત,
તે પણ રમત વિષે નહિં ગણતી દીન કે રાત.

દીંડી.

રમતાં હાર થઇ તેની પણ તે ટાણે,
હતું તે ગુમાવ્યું સર્વ પતી પ્રમાણે.
સુણ્યું પતીમર્ણ થયો ખેદ ભારે,
ભયથી પ્રાણ ગયાં તેહનાં તે વારે.

દોહરો.

ખબર સાંભળી બાઈનાં આવ્યા માતપીતાય
હૃદય ફાટ રડતાં બહુ તે જોવું નવ જાય.

ઢીંડી.

વધા વચન મુખે કરતા હાય! હાય!!
ફીધાં હાથનાં તે વગ્યા હૈયામાંય !
શીખ રમતતણી બાળને કદાપી
જેહ આપશે તે દુષ્ટ મહાપાપી.

દોહરો.

શિષ્ટ અમે રમતાં હતાં માતપીતા જુગાર,
તેથી પુત્રી જમાઇને અટકાવ્યા ન લગાર.
ઝેરી બીજ તણા સદા ઝેરી વક્ષો થાય,
ફળ પણ ઝેરી તેહનાં નજરે આ જોવાય.
માટે કહું છું જોડીને કર નર નારી તમામ,
રમશો અને રમાડશો તો ખોશો તન આમ.
ઉતમ દીવસ મંહી સદા કરજો સારા કામ,
સ્નેહ ધરીને ભાવથી ભજજો રાધા શ્યામ.